Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક : પીજી/યુનિ.શિષ્યવૃત્તિ/૧૭૫૮૭/ ૨૦૧૫
તા.૦૪/૧૨/૨૦૧૫

પ્રતિ,
(૧) યુનિવર્સિટીનાં તમામ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ.
(૨) અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન કરતી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ..

**વિષય : શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ માટે યુનિવર્સિટી દ્વારા એનાયત થતી શિષ્યવૃત્તિની અરજીઓ મંગાવવા બાબત.**

સુજ્ઞ મહાશય,

અનુસ્નાતક અભ્યાસક્રમ ચલાવતા યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ તેમજ યુનિવર્સિટી સંલગ્ન અનુદાન પાત્ર કોલેજમાં ચાલતા જે તે અનુસ્નાતક અભ્યાસક્રમનાં ભાગ-૧ તથા ભાગ-૨ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી મેરીટ શિષ્યવૃત્તિ (Merit Scholarship) તથા શિક્ષણ લવાજમ સહાય (Freeship) એનાયત કરવા માટેના પ્રવર્તમાન નિયમો મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને વાર્ષિક ₹૫,૦૦૦/- લેખે મેરીટ શિષ્યવૃત્તિ તથા વાર્ષિક ₹૩,૦૦૦/- લેખે શિક્ષણ લવાજમની રકમની સહાય આપવાની જોગવાઈ છે. **(નિયમોની નકલ આ સાથે સામેલ છે.)**

(૧) જે વિદ્યાર્થીઓએ સ્નાતક / અનુસ્નાતક અભ્યાસક્રમ **પ્રથમ વર્ગમાં / "A" ગ્રેડ** ઉર્તીણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ જ યુનિવર્સિટી દ્વારા એનાયત થતી શિષ્યવૃત્તિઓના ફોર્મ ભરવા.

(૨) શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ નાં વર્ષમાં યુનિવર્સિટી દ્વારા જે વિદ્યાર્થીઓને મેરીટ શિષ્યવૃત્તિ / શિક્ષણ લવાજમ સહાય (Freeship) એનાયત કરવામાં આવેલ છે. તે વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન સદર શિષ્યવૃત્તિ આગળના વર્ષમાં કન્ટીન્યુ (Renewal) કરવા માટે નિયત અરજીપત્રકમાં અનુસ્નાતક ભાગ-૧/૨ **પ્રથમ વર્ગમાં / "A" ગ્રેડ** ઉર્તીણ કરેલ પરીક્ષાની ગુણપત્રકની પ્રમાણિત કરેલ નકલ, અરજીપત્રક પર વિભાગના વડાશ્રી/કોલેજના આચાર્યશ્રીની ભલામણ સહિત અનુસ્નાતક વિભાગમાં મોકલી આપવા વિનંતી છે. (રીન્યુઅલ શિષ્યવૃત્તિ માટે ૬૦ % હોવા જરૂરી છે.)

(૩) સદરહૂ પ્રવર્તમાન નિયમાનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન ભાગ-૧ માં પ્રવેશ મેળવેલ તથા ભાગ-૨ માં પ્રવેશ કન્ટીન્યુ કરાવેલ વિદ્યાર્થીઓ પાસેથી નિયત પત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે. પ્રત્યેક અરજી પત્રક સાથે તેમની જે તે પ્રથમ પદવી પરીક્ષાની તેમજ અનુસ્નાતક ભાગ-૧ / ૨ ની **પ્રથમ વર્ગમાં / "A" ગ્રેડ** ઉર્તીણ કરેલ પરીક્ષાની ગુણપત્રકની પ્રમાણિત કરેલ નકલ, અરજીપત્રક પર વિભાગના વડાશ્રી/કોલેજના આચાર્યશ્રીની ભલામણ સહિત અનુસ્નાતક વિભાગમાં મોકલી આપવા વિનંતી છે.

(પાછળ)

(૪) યુનિવર્સિટી દ્વારા એનાયત થતી શિષ્યવૃત્તિના ફોર્મ સાથે આપેલ સૂચના મુજબના જરૂરી બિડાણોની ઝેરોક્ષ નકલો **ક્રમાનુસાર** જોડવાના રહેશે. **અધૂરી વિગતો / માહિતીવાળી તથા જરૂરી બિડાણો વિનાની અરજીઓ શિષ્યવૃત્તિ એનાયત કરવા માટે વિચારણામાં લેવામાં આવશે નહી.**

- Mark sheets of the University examination upto first degree level of relevant subject.
- Caste Certificate of SC/ST/SEBC candidate only if applicable.
- Certificate from Civil-Surgen for Physically Handicapped candidate.
- School Leaving Certificate.
- Below Poverty Line (BPL) Card only if applicable.

યુનિવર્સિટી દ્વારા એનાયત થતી મેરીટ શિષ્યવૃત્તિ (Merit Scholarship) તથા શિક્ષણ લવાજમ સહાય (Freeship) ની વિદ્યાર્થીઓ દ્વારા ભરાયેલ અરજીઓને જરૂરી સહીસિકકા તથા ભલામણ સાથે ફોરવર્ડીંગ પત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયનાં અનુસ્નાતક વિભાગમાં તાકીદે મોકલી આપવા વિનંતી છે.

**યુનિવર્સિટી દ્વારા એનાયત થતી મેરીટ શિષ્યવૃત્તિ (Merit Scholarship) તથા શિક્ષણ લવાજમ સહાય (Freeship) નું નિયત અરજીપત્રક રૂા. ૧૦/- (અંકે રૂપિયા દસ) ની કિંમતે યુનિવર્સિટી કાર્યાલયના હિસાબી વિભાગમાંથી મળશે તેની જાણ વિદ્યાર્થીઓને નોટિસ બોર્ડ દ્વારા સૂચના / માર્ગદર્શન આપવા વિનંતી છે.**

વિદ્યાર્થીઓની સગવડતા માટે જે તે અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી કોલેજે યુનિવર્સિટી કાર્યાલયનાં હિસાબી વિભાગમાંથી **રૂા.૧૦/- (અંકે રૂપિયા દસ)** ની કિંમતે રોકડેથી યુનિવર્સિટી દ્વારા એનાયત થતી મેરીટ શિષ્યવૃત્તિ (Merit Scholarship) તથા શિક્ષણ લવાજમ સહાય (Freeship) ના અરજી પત્રકો મેળવી લેવા હિતાવહ છે.

ઉપરોકત અરજીપત્રકો **તા.૦૬/૦૧/૨૦૧૬** સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયનાં અનુસ્નાતક વિભાગમાં મોકલી આપવા વિનંતી છે. **નિયત સમય મર્યાદા બાદ મળેલી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

**ભવદીય,**

**ઈ.ચા. કુલસચિવ**

**બિડાણ** :– ઉપર મુજબ
**નકલ રવાના :**
ઈ.ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી,
હિસાબી વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ..... *ઘટતી કાર્યવાહી કરવા વિનંતી સહ...*